RAN-2509001105010001

# RAN-2509001105010001

## BRS (SD) Four Year Honors (NCF-NEP) (Sem.- V)
## Examination November - 2025
## Sustainable Rural Development

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

**સૂચના : / Instructions**

(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fill up strictly the above details on your answer book

(2) દરેક પ્રશ્ન ફરજિયાત છે.

(3) જમણી બાજુના અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

Seat No.:

Student's Signature

**પ્ર.1. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો (કોઈ પણ 8)** **8**

1. ટકાઉ વિકાસનો ખ્યાલ કયા રિપોર્ટમાં સૌ પ્રથમ સ્પષ્ટ રીતે રજૂ થયો હતો?
   A. સ્ટોકહોમ રિપોર્ટ (1972) B. રિયો અર્થ સમિટ (1992)
   C. બ્રુટલેન્ડ રિપોર્ટ (1987) D. જોહાનિસબર્ગ સમિટ (2002)
2. પવિત્ર ઉપવનો (દેવરાઈ) મુખ્યત્વે ક્યા રાજ્યમાં જોવા મળે છે?
   A. મહારાષ્ટ્ર B. ગુજરાત
   C. પંજાબ D. બિહાર
3. જોહડ્સ (Johads) નો મુખ્ય હેતુ શું છે?
   A. સીધું પીવાનું પાણી સંગ્રહ કરવું
   B. નદીમાં પાણી વહેવા દેવું
   C. વરસાદી પાણી જમીનમાં ઉતારી ભૂગર્ભજળ ભરવું
   D. પાણી ઉદ્યોગ માટે સાચવવું
4. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) ક્યારે અપનાવવામાં આવ્યા?
   A. 2010 B. 2020
   C. 2015 D. 2025
5. ક્યા SDG હેઠળ ભૂખમરો નાબૂદી માટે પગલાં લેવામાં આવે છે?
   A. 1 B. 3
   C. 2 D. 4
6. મિશન ઈન્દ્રધનુષ ક્યા હેતુ માટે છે?
   A. પાણી સપ્લાય પુરૂં પાડવું
   B. ગરીબી ઘટાડવી
   C. બાળકો અને ગર્ભવતી સ્ત્રીઓને રસીકરણ કરવું
   D. નવીન ઉર્જા પ્રોત્સાહન આપવું
7. ભારતીય ખેડૂતોની મુખ્ય સમસ્યા કઈ છે?
   A. પૂરતા સંસાધનો
   B. આધુનિક ટેકનોલોજીની વધારેતા
   C. વરસાદ પર નિર્ભરતા અને જમીન ક્ષય
   D. સરકારી સહાયની અતિશયતા

8. ટકાઉ વિકાસનો અંતિમ અને લક્ષ્ય શું છે?
   A. માત્ર આર્થિક વૃદ્ધિ
   B. માનવસર્જિત પ્રદૂષણ વધારવું
   C. વર્તમાન જરૂરિયાત પૂરી કરવી અને ભવિષ્ય માટે સંસાધનો જાળવવા
   D. વૈજ્ઞાનિક સંશોધન વધારવું
9. ટકાઉ આજીવિકા માટે કઇ વ્યૂહરચના શ્રેષ્ઠ છે?
   A. સંસાધન ક્ષય
   B. વૈકલ્પિક રોજગારીનાં સ્ત્રોતો ઉભા કરવાં
   C. માત્ર સ્થળાંતર રોકવું
   D. વિદેશી નીતિ
10. ''સ્થળાંતર અને ટકાઉ વિકાસ'' વચ્ચેનું યોગ્ય સંબંધ કયું છે?
   A. સ્થળાંતર હંમેશાં સકારાત્મક છે
   B. સ્થળાંતર ટકાઉપણું વધારે છે
   C. સ્થળાંતર વિકાસની અસમાનતા દર્શાવે છે
   D. સ્થળાંતર વિકાસને અસર કરતું નથી

**પ્ર.2. ટૂંકમાં જવાબ લખો. (કોઇ પણ બે)** **6**

1. વિકાસ પ્રક્રિયાને સ્થિર કરવા માટેના મુખ્ય રસ્તાઓ જણાવો
2. ટકાઉ આજીવિકા પ્રણાલીઓ અમલમાં ન આવે તો સમાજ પર શું અસર પડે?
3. ટકાઉ વિકાસના ધ્યેયો જણાવો.

**પ્ર.3. નિબંધ પ્રકારનો પ્રશ્ન.** **12**

ભારતીય દર્શનશાસ્ત્રમાં ટકાઉ વિકાસનો ખ્યાલ પર ચર્ચા કરો

**અથવા**

ટકાઉ વિકાસમાં કુદરતી સંસાધનોનું મહત્વ ઉદાહરણ સહીત સમજાવો.

**પ્ર.4. નિબંધ પ્રકારનો પ્રશ્ન.** **12**

સ્થળાંતરનો પર્યાવરણ ઉપર થતો પ્રભાવ વર્ણવો.

**અથવા**

ટકાઉ વિકાસ માટેની વ્યૂહરચનાઓ સમજાવો.

**પ્ર.5. ટૂંકનોંધ લખો. (કોઇ પણ બે)** **12**

1) સરહુલ - ઝારખંડમાં વૃક્ષ પૂજા પર ટૂંક નોંધ લખો.
2) પર્યાવરણીય નૈતિકતા
3) કુદરતી વ્યવસ્થાને અસ્થિર બનાવવામાં માનવ પ્રવૃત્તિઓની ભૂમિકા

---